


Price ₹ 5/-

# મારું હૃદય

વર્ષ-૧૧, અંક-૧૨૬, ૧૫ જૂન, ૨૦૨૦

### કાર્ડિયોલોજીસ્ટ

| | | | |
|---|---|---|---|
| ડૉ. સત્ય ગુપ્તા | +૯૧-૯૯૨૫૦ ૪૫૭૮૦ | ડૉ. કેયૂર પરીખ | +૯૧-૯૮૨૫૦ ૨૬૯૯૯ |
| ડૉ. વિનીત સાંખલા | +૯૧-૯૯૨૫૦ ૧૫૦૫૬ | ડૉ. મિલન ચગ | +૯૧-૯૮૨૪૦ ૨૨૧૦૭ |
| ડૉ. વિપુલ કપૂર | +૯૧-૯૮૨૪૦ ૯૯૮૪૮ | ડૉ. ઉર્મિલ શાહ | +૯૧-૯૮૨૫૦ ૬૬૯૩૯ |
| ડૉ. તેજસ વી. પટેલ | +૯૧-૮૯૪૦૩ ૦૫૧૩૦ | ડૉ. હેમાંગ બક્ષી | +૯૧-૯૮૨૫૦ ૩૦૧૧૧ |
| ડૉ. હિરેન કેવડીયા | +૯૧-૯૮૨૫૪ ૬૫૨૦૫ | ડૉ. અનિશ ચંદ્રારાણા | +૯૧-૯૮૨૫૦ ૯૬૯૨૨ |
| ડૉ. ગુણવંત પટેલ | +૯૧-૯૮૨૪૦ ૬૧૨૬૬ | ડૉ. અજય નાઇક | +૯૧-૯૮૨૫૦ ૮૨૬૬૬ |

### પીડિયાટ્રીક કાર્ડિયોલોજીસ્ટ

| | | | |
|---|---|---|---|
| ડૉ. કશ્યપ શેઠ | +૯૧-૯૯૨૪૬ ૧૨૨૮૮ | ડૉ. મિલન ચગ | +૯૧-૯૮૨૪૦ ૨૨૧૦૭ |
| ડૉ. દિવ્યેશ સાદડીવાળા | +૯૧-૮૨૩૮૩ ૩૯૯૮૦ | | |

### કાર્ડિયાક સર્જન

| | |
|---|---|
| ડૉ. ધીરેન શાહ | +૯૧-૯૮૨૫૫ ૭૫૯૩૩ |
| ડૉ. ધવલ નાયક | +૯૧-૯૦૯૯૧ ૧૧૧૩૩ |
| ડૉ. અમિત ચંદન | +૯૧-૯૬૯૯૦ ૮૪૦૯૭ |

### પીડિયાટ્રીક અને સ્ટ્રક્ચરલ હાર્ટ સર્જન

| | |
|---|---|
| ડૉ. શૌનક શાહ | +૯૧-૯૮૨૫૦ ૪૪૫૦૨ |

### કાર્ડિયોવાસ્ક્યુલર, થોરાસીક અને થોરાકોસ્કોપીક સર્જન

| | |
|---|---|
| ડૉ. પ્રણવ મોદી | +૯૧-૯૯૨૪૦ ૮૪૭૦૦ |

### કાર્ડિયાક એનેસ્થેટીસ્ટ

| | |
|---|---|
| ડૉ. નિરેન ભાવસાર | +૯૧-૯૮૭૯૫ ૭૧૯૧૭ |
| ડૉ. હિરેન ધોળકિયા | +૯૧-૯૫૮૬૩ ૭૫૮૧૮ |
| ડૉ. ચિંતન શેઠ | +૯૧-૯૧૭૩૨ ૦૪૪૫૪ |

### કાર્ડિયાક ઇલેક્ટ્રોફિઝિયોલોજીસ્ટ

| | |
|---|---|
| ડૉ. અજય નાઇક | +૯૧-૯૮૨૫૦ ૮૨૬૬૬ |
| ડૉ. વિનીત સાંખલા | +૯૧-૯૯૨૫૦ ૧૫૦૫૬ |
| ડૉ. હિરેન કેવડીયા | +૯૧-૯૮૨૫૪ ૬૫૨૦૫ |

### નીઓનેટોલોજીસ્ટ અને પીડિયાટ્રીક ઇન્ટેન્સીવીસ્ટ

| | |
|---|---|
| ડૉ. અમિત ચિતલીયા | +૯૧-૯૦૯૯૯ ૮૭૪૦૦ |

JCI NABH NABH ER ACC International Centers Of Excellence

CIMS®
CARE INSTITUTE OF MEDICAL SCIENCES
Earning Trust with World-Class Practices

## કોરોનાવાયરસની તપાસ ક્યારે કરાવવી જોઈએ ?


ગભરાશો નહીં. પરંતુ સજાગ રહો.



**જો તમને નીચે જણાવેલ લક્ષણો હોય તો કૃપા કરીને પોતાના ડોકટરની સલાહ મેળવો :**

**ઉધરસ આવવી । તાવ આવવો**

**ગળામાં દુખાવો થવો । હાંફ ચઢવી / શ્વાસ લેવામાં તકલીફ પડવી**



**કોરોના વાયરસ માટેના પરીક્ષણને આરટી-પીસીઆર અથવા રિવર્સ ટ્રાન્સક્રિપ્ટેઝ પોલિમરેઝ ચેઇન રિએક્શન તરીકે ઓળખાય છે.**

## શું તમને માસ્ક પહેરવાની જરૂર છે ?

હા. જ્યારે પણ તમે તમારા ઘરની બહાર નીકળો ત્યારે માસ્ક પહેરી રાખવું આવશ્યક છે. વધારાની સાવચેતી માટે, જો તમને લક્ષણો દેખાય તો કૃપા કરીને ઘરે પણ માસ્ક પહેરી રાખો.

### સર્જિકલ માસ્ક ને સુરક્ષિત રીતે કેવી રીતે પહેરવું અને કાઢવું ?



માસ્ક ને સ્પર્શ કરતા પહેલાં તમારા હાથ ધોવો



માસ્ક નિરીક્ષણ કરો (ફાટી ગયું છે કે છિદ્ર તો નથી ને)



માસ્કના ઉપર ભાગમાં ધાતુનો ટુકડો અથવા સખત ધાર છે



બહારની બાજુએ માસ્કનો રંગીન ભાગ રહે તેની ખાતરી કરો



ધાતુના ટુકડા માસ્કના ભાગને તમારા નાક ઉપર મૂકો



તમારા મોંઢા, નાક અને દાઢીને ઢાંકી દો



માસ્કની બાજુઓ પર ખૂલ્લી જગ્યા ન રહે તેવી રીતે તેને તમારા ચહેરા પર ગોઠવો



માસ્કને સ્પર્શ કરવાનું ટાળો



માસ્કને કાન અથવા માથાની પાછળથી કાઢો



માસ્કને કાઢતા સમયે તેને તમારા મોંઢા અને સપાટીઓથી દૂર રાખો



ઉપયોગ કર્યા પછી તરત જ માસ્કને ફેંકી દો, શક્ય હોય ત્યાં સુધી એક બંધ કચરાના ડબ્બામાં ફેંકો



માસ્કને ફેંક્યા પછી તમારા હાથને સરખી રીતે ધોઈ લો

જો તમને ચેપ લાગેલ છે અથવા કોઈ ચેપ લાગ્યો છે તેની શંકા છે, તો પછી કાપડનો માસ્ક ન પહેરો. એક સર્જિકલ માસ્કનો ઉપયોગ કરો અને દર ૧૨ કલાકે આ માસ્કને બદલી નાખો.

# કોરોનરી એન્જિયોગ્રાફી

હૃદયની ધમનીઓમાં એથેરોસ્કલેરોસિસના હિસાબે અવરોધ આવે છે. આવા અવરોધના લીધે હૃદયને પૂરતું લોહી મળતું નથી અને તેથી પૂરતું પોષણ તેમજ પ્રાણવાયુ મળતાં નથી અને એન્જાયના પેક્ટોરિસ અથવા હાર્ટ એટેક સર્જાય છે. એટલે કોરોનરી ધમનીઓમાં ક્યાં અવરોધ થયો છે, તે શોધવું અને એવી બંધ ધમની ખોલવી એ 'કાર્ડિયોલોજિસ્ટ'નું મુખ્ય લક્ષ્ય હોય છે.

હૃદયની આ તપાસ કાર્ડિયાક કેથેટરાઇઝેશનથી થાય છે. આ કાર્યપદ્ધતિ દ્વારા હૃદયની રક્ત-વાહિનીઓ પહોળી છે કે નહીં એ તપાસવામાં આવે છે. આમ કરતી વખતે


## રેડિયલ આર્ટરી (કાંડાની / હાથની ધમની) એન્જિયોગ્રાફી અને એન્જિયોપ્લાસ્ટી



૨૫ વર્ષમાં દિશાઓ બદલાઇ ગઇ. આજે આપણે જ્યારે વર્ષ ૨૦૧૨માં પ્રવેશી રહ્યા છીએ ત્યારે કોરોનરી એન્જિયોગ્રાફી અંગેનો ડોક્ટરોના અંગત દ્રષ્ટિકોણ પ્રમાણે - ૨૫ વર્ષ પહેલા એટલે કે ૧૯૮૫ માં જે સાથળ (ફેમારેલ)ની પધ્ધતિ અપનાવવાનું શીખ્યા હતા તે હવે પૂરેપૂરી રેડિયલ (હાથની ધમની મારફત) પધ્ધતિ અપનાવતા થયા છે.

૧૯૮૦ના દાયકાના છેવટના ભાગે ફ્રેન્ચ-કેનેડિયન ફિઝિશિયન ડો. લુસીન કેમ્પીઉ એ 'રાઇટ રેડિયલ આર્ટરી'નો ઉપયોગ 'ડાયોગ્નોસ્ટિક કેથેરાઇઝેશન' માટે કર્યો હતો અને ૧૯૯૨ સુધીમાં ડો. ક્રિમેનિઇ અને તેમના સાથીઓએ રેડિયલ આર્ટરીનો ઉપયોગ - ઇન્ટરવેન્શનલ પધ્ધતિ જેવી કે ડિલિવરિંગ બલુન્સ એન્ડ સ્ટ્રેન્ટ્સ માટે કરવાના રસ્તાઓ તપાસ્યા હતા. ડોક્ટરના અંગત અનુભવની વાત કરીએ તો સીમ્સ હોસ્પિટલના અમારા સાથીઓએ ૨૦૦૦ ના વર્ષથી રેડિયલ તરફનો માર્ગ અપનાવી લીધો છે અને ૨૦૧૧ સુધીમાં ૨૫,૦૦૦ થી પણ વધુ રેડિયલ પ્રોસિજર્સ અમે કર્યા છે, જે ભારતમાં સૌથી વિશાળ સંખ્યામાં એક એવા ગણાય છે અને અમે મહિનાની ૫૦૦ ઉપર રેડિયલ આર્ટરી (હાથની) ધમનીથી પ્રક્રિયા કરીએ છીએ. આ બાબત ઉપર ઇન્ડિયન હાર્ટ જર્નલ અને ગુજરાત મેડિકલ જર્નલમાં પુષ્કળ લેખ અમે લખેલા છે.

હૃદયરોગ નિષ્ણાત હૃદયના અંદરના દબાણને માપે છે. એક્સ-રે કિરણો માટે અપારદર્શક એવી દવા (ડાઈ-Dye) ઇન્જેક્શન દ્વારા હૃદયમાં નાંખે છે. એક્સ-રે દ્વારા હૃદયને લોહી પહોંચાડતી ધમનીઓની ચલચિત્ર જેવી તસ્વીર લે છે અને હૃદય કેટલી વધારે કે ઓછી ક્ષમતાથી ધબકે છે તથા રક્તવાહિનીઓમાં અવરોધ છે કે નહીં તેનું મૂલ્યાંકન કરે છે. આ સિવાય, ઘણી જન્મજાત ખામીઓ માટે વાલ્વની તકલીફો માટે તથા નબળા હૃદયો માટે પણ કાર્ડિયાક કેથેટરાઇઝેશન થાય છે.




## સામાન્ય ડોક્ટર અને નિષ્ણાતો વચ્ચેનો ભેદ

જનરલ ફિઝિશિયન, ઇન્વેઝિવ કાર્ડિયોલોજિસ્ટ અને ઇન્ટરવેન્શનલ કાર્ડિયોલોજિસ્ટ (General Physician, Invasive Cardiologist અને Interventional Cardiologist) એટલે શું એનો થોડો ખુલાસો કરીએ.

જે હૃદયરોગ નિષ્ણાતો ફક્ત એન્જિયોગ્રાફી અને એન્જિયોપ્લાસ્ટી જેવી પ્રક્રિયાઓ કરે છે તેમને Invasive or Interventional Cardiologist કહેવામાં આવે છે.

જે હૃદયરોગ નિષ્ણાતો આ પ્રકારની પ્રક્રિયાઓ કરતા નથી, ફક્ત રોગોનું નિદાન કરે તેમને જનરલ ફિઝિશિયન અથવા નોન-ઇન્વેઝિવ કાર્ડિયોલોજિસ્ટ્સ (Non-invasive Cardiologist) કહેવાય.

જે હૃદયરોગ નિષ્ણાતો શસ્ત્રક્રિયા દ્વારા પ્રક્રિયા કરે છે તેમને 'કાર્ડિયાક સર્જન' કહેવાય.

## કેથ પ્રયોગશાળા અથવા કેથ લેબ


ડિજિટલ કેથ લેબ

કાર્ડિયાક કેથેટરાઇઝેશન લેબોરેટરી (કેથ લેબ) તરીકે ઓળખાતા એક ખાસ ઓરડામાં કાર્ડિયાક કેથેટરાઇઝેશન કરવામાં આવે છે. તેની અંદર હોય છે એક્સ-રે અને કેમેરા સાથેનું એક ખાસ ટેબલ. આ ટેબલ પર દર્દીને સુવડાવવામાં આવે છે. તેની આજુબાજુ એક્સ-રે અને કેમેરા ગોળ ફેરવી શકાય તેવી રચના હોય છે.

હાથની ધમની વાટે હૃદયમાં કેથેટર નાંખી તે વાટે

એક્સ-રેમાં દેખાય તેવી દવા ઇન્જેક્શન દ્વારા હૃદયની ધમનીમાં દાખલ કરવામાં આવે છે અને તેનું હૃદય ધબકે તેની સાથે પેલો કેમેરા હૃદયની ધમનીઓનું ચલચિત્ર લઈ, તેને સી.ડી. પર નોંધે છે.

## પ્લમ્બિંગ

પ્લમ્બિંગ એટલે મકાનની પાઇપોનું કામ અને પ્લંબર એટલે પ્લમ્બિંગ કરવાવાળો કારીગર. જેમ પાણીની પાઇપોની અંદર ક્ષાર જામે અને તે બંધ થાય એવી જ રીતે હૃદયની કોરોનરી ધમનીઓ પણ અંદર છારી બાઝવાને કારણે સાંકડી થાય છે અથવા બંધ થઈ શકે છે. આને એથરોસ્ક્લેરોસીસ કહેવાય.

તો હૃદયના 'પ્લંબર' એટલે બંધ ધમની ખોલવાવાળા કાર્ડિયોલોજિસ્ટ હૃદયના પ્લમ્બિંગની ખામીઓ એટલે કે હૃદયની ધમનીઓની અંદરના અવરોધોને શોધે છે!

> ડોક્ટરો રોગની એવી દવા લખે છે જેની એમને થોડીક જ માહિતી હોય છે.
>
> એ દવા એવા રોગો માટે લખે છે જેની એમને બહુ ઓછી માહિતી હોય.
>
> અને એવી વ્યક્તિઓ માટે લખે છે જેના વિશે એમને કોઈ જ માહિતી હોતી નથી.

## હૃદયની ધમનીઓ


૯૦ ટકા બંધ ધમની

આપણે જોયું કે લોહી હૃદયની અંદરથી પસાર થાય છે, તે છતાં હૃદય તેનું પોષણ અને ઓક્સિજન હૃદયની ધમનીઓ (કોરોનરી આર્ટરીઝ) નામની ખાસ ધમનીઓમાંથી જ લે છે.

હૃદયની બે મુખ્ય ધમનીઓ હોય છે, હૃદયની ડાબી ધમની અને હૃદયની જમણી ધમની (Left Coronary Artery - LCA and Right Coronary Artery - RCA) બન્નેનું ઉદ્‌ભવસ્થાન છે મહાધમની, એટલે કે આપણા શરીરની મુખ્ય ધમની (Aorta). હૃદયની ડાબી ધમનીને ડાબી મુખ્ય ધમની (Left Main) પણ કહેવાય છે. તેના બે ફાંટા પડે છે -- ડાબી બાજુએથી નીચે તરફ ઊતરતી ધમની (લેફ્ટએન્ટિરિઅર ડિસેન્ડિંગ આર્ટરી, એલ.એ.ડી. LAD) અને ડાબી સરકમ્ફલેક્સ ધમની (એલ.સી.એક્સ., LCX). હૃદયની જમણી અને નીચેની બાજુ લોહી આપતી ધમની (આર.સી.એ., RCA)). આ રીતે હૃદયની કુલ ત્રણ મુખ્ય ધમનીઓ છે.

સામાન્ય રીતે અવરોધ આ ત્રણ ધમનીઓમાં પેદા થતા હોય છે. આ અવરોધ પરક્યુટેનિયસ ટ્રાન્સ-લ્યુમિનલ કોરોનરી એન્જિયોપ્લાસ્ટી એટલે

> સ્વર્ગમાં પ્રવેશ માટે એક ડૉક્ટ, ઇજને અને એક વકીલ ઊભા હતા.
>
> ભગવાને કહ્યું, **'એક જ જગ્યા ખાલી છે અને તે જગ્યા સૌથી જૂનો વ્યવસાય ધાવતી વ્યક્તિને મળશે.'**
>
> **'સૌથી જૂનો વ્યવસાય તો મારો જ.'** ડૉક્ટ બોલ્યા, **'કાણકે પ્રભુએ આદમમાંથી ઇવ બનાવી એ એક ઑપેશનનો દાખલો કહેવાય. એટલે વાઢકાપ સૌથી જૂનો વ્યવસાય ગણાય.'**
>
> **'ના, ના, પહેલાં મારી વાત સાંભળો.'** ઇજને બોલ્યા. **'આદમ અને ઇવ બનાવતાં પહેલા પ્રભુએ અકાશમાં વહેતી ધૂળ અને અસ્તવ્યસ્ત વસ્તુઓમાંથી પૃથ્વી અને તાનું સર્જન કર્યું, એટલે મારો વ્યવસાય સૌથી જૂનો કહેવાય.'**
>
> **'એ ભાઈ પણ અવકાશમાં વહેતી ધૂળ અને અસ્તવ્યસ્ત વસ્તુઓ ત્યાં મૂકી કોણે?'** વકીલે પૂછ્યું.


જુઓ આગળ પાના નં. ૬



JCI NABH NABH ER ACC
CIMS CARE INSTITUTE OF MEDICAL SCIENCES Earning Trust with World-Class Practices

# કોવિડ અને કોરોના થી સુરક્ષિત
# “સીમ્સ ઈસ્ટ” હોસ્પિટલ (નોન-કોવિડ હોસ્પિટલ)

## અલગ બિલ્ડીંગ




## એડમિશન અને ઓપીડી ચાલુ

**બંને બિલ્ડીંગ** ની અલગ સુવિધાઓ

અલગ થી **કેન્સર** અને **રેડિયોથેરાપી સેન્ટર**

## અલગ પ્રવેશ



## વિશેષ અલગ સ્ટાફ



## અલગ ઈમરજન્સી રુમ



૩.૫ એકર જમીન પર

**૫૦૦,૦૦૦ સ્કેવર** ફુટ મા

**બંને અલગ બિલ્ડીંગ**

## સુરક્ષિત સર્જરી સીમ્સમાં

દર્દીની સલામતી માટે વિશેષ પ્રોટોકોલ

પ્રોપર પર્સનલ પ્રોટેકટીવ ઈક્વિપમેન્ટ (PPEs)



CIMS®
CARE INSTITUTE OF MEDICAL SCIENCES
Earning Trust with World-Class Practices
JCI (USA) NABH
અપોઈન્ટમેન્ટ : +91-98250 66661 | એમ્બ્યુલન્સ : +91-98 24 45 00 00
24 X 7 MEDICAL HELP LINE +91-70 69 00 00 00

પી.ટી.સી.એ. (Percutaneous Transluminal Coronary Angioplasty or PTCA) દ્વારા ખોલવામાં આવે છે, અથવા તો કોરોનરી આર્ટરી બાયપાસ ગ્રાફ્ટ (Coronary Artery Bypass Graft or CABG) દ્વારા બાયપાસ કરવામાં આવે છે, એટલે કે લોહી માટે નવી નળીઓ નાંખવામાં આવે છે. ઘણી વાર દવાઓથી પણ ઇલાજ થાય છે.

## કાર્ડિયાક કેથેટરાઇઝેશન કેવી રીતે કરવામાં આવે છે?

કાર્ડિઆક કેથેટરાઇઝેશન આઉટ-પેશન્ટ અથવા ઇન-પેશન્ટ વિધિ હોઈ શકે છે. આઉટ-પેશન્ટ એટલે દર્દી સવારે હોસ્પિટલમાં આવે, અને સામાન્ય રીતે કેથેટરાઇઝેશન પત્યા પછી થોડા કલાક આરામ કરીને પાછા જતા રહે. જો દર્દીનું સ્વાસ્થ્ય સારું ન હોય તો તેને દાખલ કરવાની જરૂર પડે.

કેથેટરાઇઝેશનની પહેલાંના ૬થી ૮ કલાક સુધી દર્દીએ કંઇ જ ખાવું જોઈએ નહિ. તેના હાથનો ભાગ હજામત કરીને સાફ કરવામાં આવે છે. દર્દી ખાસ કેથ લેબ ટેબલપર આવી જાય, એટલે તેને હળવી ઘેનની દવા આપવામાં આવે છે, જેથી તેને આરામ રહે. પહેલા સ્થાનિક બેશુદ્ધિની દવા આપવામાં આવે છે, જેથી કેથેટર નાંખતી વખતે દર્દીને દુખાવો ન થાય. બે મિ.મિ.



પહોળી સ્ટ્રો જેવી એક સાંકડી નળી હાથના ધમનીમાં પેસાડવામાં આવે છે. કેથેટર આ નળીની અંદરથી પસાર કરી હાથની ધમની અને તે પછી મહાધમની મારફત હૃદયમાં પહોંચાડવામાં આવે છે.

શરૂઆતમાં, ખાસ આકારના કેથેટરને ડાબી મુખ્ય ધમની અથવા હૃદયની જમણી ધમનીમાં પસાર કરવામાં આવે છે. એક્સ-રે વડે ચલચિત્ર લેવામાં આવે છે. કેમેરાને દર્દીની આજુબાજુ ગોળ ફેરવીને હૃદયની ધમનીઓને જુદા જુદા દૃષ્ટિકોણથી જોવામાં આવે છે અને આ દૃશ્યોનું સીડી ઉપર અંકન કરવામાં આવે છે.

ડૉક્ટરનું બિલ મળ્યા પછી હંસાબહેને તત જ ડૉક્ટરને ફોન કર્યો, **'બિલ બહુ છે,'** એ ગુસ્સાથી બોલ્યાં. **'મા મોન્ટુને તો માત્ર ફ્લુનો તાવ જ આવ્યો હતો.'**

**'તમે મોન્ટુને અહીં ડઝનવા લઈ આવ્યા છો, બે વખત તો મેં ઘે વિઝિટ કી છે.'**

**'તે હું જાણું છું પણ તમે ભૂલી ગયા છો કે તેણે આખી નિશાળને ચેપ લગાડ્યો છે.'** હંસાબહેને ધ્યાન દોર્યું. **'ત્યાબાદ તમા કેટલાંય દર્દી વધ્યાં એનું શું?'**

વીજકિરણો વાટે અપારદર્શક દવા (ડાઈ-Dye) હૃદયની ધમનીઓમાં અને તેની શાખાઓમાં જતી જોઈ શકાય છે. હૃદયની બીજી ધમનીઓની પણ આ રીતે તસવીર લેવામાં આવે છે. આ આખી કાર્યપદ્ધતિમાં સામાન્ય રીતે ફક્ત ૧૦ મિનિટનો સમય લાગે છે.

## કેથેટરાઇઝેશન પછી



કાંડાની ધમની (રેડિયલ આર્ટરી)માંથી એન્જિયોગ્રાફી કર્યા પછી દર્દી આરામથી બેસી અને હરીફરી શકે છે

જ્યારે હૃદયરોગ નિષ્ણાતને નિદાન બાબતે પૂરતો સંતોષ થઈ જાય ત્યારે કેથેટર અને એની સાથેની નળી કાઢી નાંખવામાં આવે છે. પછીથી તેના પર સાદા ડ્રેસિંગ મૂકવામાં આવે છે.

દર્દીએ થોડા કલાકો સુધી પીઠ પર ચત્તા સૂતા રહેવું જરૂરી છે, પણ તેના પછી દર્દી તરત જ ચાલી શકે છે. હાથમાં કરેલી કેથેટરાઇઝેશન પછી ટૂંકા સમયમાં દર્દી



JCI NABH NABH ER ACC International Centers Of Excellence

CIMS®
CARE INSTITUTE OF MEDICAL SCIENCES
Earning Trust with World-Class Practices

હરીફરી શકે છે.

**સલામતી અને જોખમ**

કાર્ડિયાક કેથેટરાઇઝેશન પ્રમાણમાં સુરક્ષિત છે છતાં તેમાં રક્તસ્રાવ (બ્લીડિંગ), ચેપ અથવા એક્સ-રેમાં દેખાય એવી દવાના ઉપયોગના કારણે એલર્જી વગેરે જેવી તકલીફોનું થોડુંક (૧૦૦૦ માંથી ૧ કિસ્સામાં) જોખમ રહે છે. હૃદયરોગનો હુમલો, મૂછાર્વસ્થા અથવા મૃત્યુ જેવી ગંભીર સમસ્યાઓ થવાની શક્યતા ખૂબ જ ઓછી છે. લગભગ ૨૦૦૦માંથી એક દર્દીને થઈ શકે, ખાસ જેમને હૃદયમાં પહેલાથી તકલીફો હોય તેમને.

સૌજન્ય હૃદયની વાત દિલથી લેખક : ડૉ. કેયૂર પરીખ


કોવિડ અને કોરોના થી સુરક્ષિત

# "સીમ્સ ઈસ્ટ" હોસ્પિટલ (નોન-કોવિડ હોસ્પિટલ)

## કોવિડ-૧૯ (કોરોના) દરમિયાન બધા ચિંતિત છે

**પરંતુ આ લક્ષણોને અવગણશો નહીં**

**જલ્દી થી સારવાર મેળવો**

**નીચેના માંથી જો કોઈ પણ લક્ષણો જોવા મળે તો તાત્કાલિક નજીકની હોસ્પિટલમાં પહોચી જવું.**

**24 X 7**

**મેડીકલ હેલ્પલાઈન**

**+91-70 69 00 00 00**

### હાર્ટ એટેક ના લક્ષણો

- છાતીમાં દુખાવો અથવા દબાણ
- છાતીમાં બળતરા અથવા ભારેપણુ લાગવું
- શ્વાસ લેવામાં તકલીફ
- પરસેવો વળવો
- ઉબકા અને ઉલ્ટી થવી



### સ્ટ્રોકના લક્ષણો



**F**ace Face look uneven ?

**A**rm One arm hanging down ?

**S**peech Slurred speech ?

**T**ime Call 108 Now



**"Maru Hriday" Registered under RNI No. GUJGUJ/2009/28044**
**Published 15th of every month**
**Permitted to post at PSO, Ahmedabad-380002 on the 22nd to 27th of every month under**
**Postal Registration No. GAMC-1731/2019-2021 issued by SSP Ahmedabad valid upto 31st December, 2021**
**Licence to Post Without Prepayment No. PMG/HQ/090/2019-2021 valid upto 31st December, 2021**

**If undelivered Please Return to :**

CIMS Hospital, Nr. Shukan Mall,

Off Science City Road, Sola, Ahmedabad-380060.

Ph. : +91-79-2771 2771-72

Fax: +91-79-2771 2770

Mobile : +91-98250 66664, 98250 66668

**'મારૂ હૃદય' નો અંક મેળવવા અંગે :** જો તમારે 'મારૂ હૃદય' નો અંક જોઇતો હોય તો તેની કિંમત ₹ ૬૦ (૧૨ અંક) છે. તેને મેળવવા માટે કેશ અથવા ચેક/ડીડી 'સીમ્સ હોસ્પિટલ પ્રા. લી.' ના નામનો તમારા નામ અને તમારા પુરતા એડ્રેસની વિગત સાથે અમારી ઓફિસ, "મારૂ હૃદય" ડિપાર્ટમેન્ટ, સીમ્સ હોસ્પિટલ, શુકન મોલ નજીક, ઓફ સાયન્સ સીટી રોડ, સોલા, અમદાવાદ-૩૮૦૦૬૦ પર મોકલી આપશો. ફોન નં. : +૯૧-૭૯-૪૮૦૫ ૧૦૫૯/૧૦૬૦

## દર્દીની સલામતી એજ અમારી પ્રાથમિકતા-સીમ્સ

### કોવિડ અને કોરોના થી સુરક્ષિત

# "સીમ્સ ઈસ્ટ" હોસ્પિટલ (નોન-કોવિડ હોસ્પિટલ)

**સુરક્ષિત-સલામત-અલગ અને વિશેષ અલગ સ્ટાફ, સેવાઓ તથા અલગ પ્રવેશ**



પ્રવેશ દરમ્યાન તપાસ



હાથની સ્વચ્છતા



માસ્ક પહેરવું ફરજીયાત

તમારી અને દર્દીઓની સલામતી માટે મુલાકાતના સમય દરમ્યાન કોઈ મુલાકાતીઓને પ્રવેશ આપવામાં આવશે નહી.



માર્ગદર્શિકા મુજબ દર્દીઓની કાળજી રાખનાર ને પાસ આપવામાં આવશે.

**મુલાકાતી માટે પ્રતિબધ્ધતા**

**અપોઈન્ટમેન્ટ : +91-98250 66661 | એમ્બ્યુલન્સ : +91-98 24 45 00 00**

*તંત્રી, મુદ્રક અને પ્રકાશક ડૉ. અનિશ ચંદારાણાએ સીમ્સ હોસ્પિટલ વતી હરિઓમ પ્રિન્ટરી, ૧૫/૧, નાગોરી એસ્ટેટ, ઇ.એસ.આઇ. ડિસ્પેન્સરીની સામે, દૂધેશ્વર રોડ, અમદાવાદ-૩૮૦૦૦૪ ખાતેથી છાપ્યું અને સીમ્સ હોસ્પિટલ, શુકન મોલ નજીક, ઓફ સાયન્સ સીટી રોડ, સોલા, અમદાવાદ-૩૮૦૦૬૦ ખાતેથી પ્રસિદ્ધ કર્યું.*



JCI NABH NABH ER ACC

CIMS®
CARE INSTITUTE OF MEDICAL SCIENCES
Earning Trust with World-Class Practices